अज्ञातकर्तृक

# श्री आदिनाथ-बाललीला

सं. विजयशीलचन्द्रसूरि

प्रथम जैन तीर्थंकर आदिनाथनी बालक्रीडाने विषय बनावीने रचायेल आ लघु कृति 'लावणी' प्रकारनी रचना होय एम जणाय छे. आना प्रणेता कोण छे ते, अन्तिम कडीओमां कविनुं नामाचरण न होवाथी, नक्की करवुं अशक्य छे. आ प्रतना बीजा पत्रमां, बाललीला पूर्ण थया पछी, पृष्ठभागमां २० विहरमान जिननुं चैत्यवन्दन लखेलुं छे, तेना अक्षर पण 'बाललीला'ना अक्षर तुल्य ज होई, बधुं एक ज लेखक द्वारा लखायेलुं जणाय छे. ते चैत्यवन्दनमां तेना कर्ता तरीके 'सुधनहर्ष'नुं नाम छे. बनी शके के तेमणे ज आ प्रति लखी होय. अने तो तेमणे ज आ रचना (बाललीलानी) करी होय एवी शक्यता पण स्वीकारी शकाय. प्रत सं. १८४१मां लखाई छे, तेथी आ रचना पण १९मा शतकनी होवानुं मानीए तो कोई आपत्ति नथी जणाती.

आना कर्ता पर उत्तर गुजरातनी बोलीनी गाढ असर तो छे ज (सेंघोडां-१२, मेंठां-१६), पण थोडीक मराठीनी पण असर वर्ताय छे. दा.त. क. २१मां 'अंघोल करो नें आता', 'आता' एटले हवे, हमणां; आ शब्द स्पष्टत: मराठी छे.

प्रथम कडीमां कर्ता बालकृ(क्री)डा वर्णववानी प्रतिज्ञा करीने पछीनी कडीओमां भगवानना वस्त्र-शणगारनुं मधुर वर्णन आपे छे. ९-१० कडीओमां 'रामति' - रमतनी वात छे, जेमां गेडी-दडी, चकरडी-भमरडी, वांसळी-वेणु, धनुष वगेरे द्वारा क्रीडानो संकेत आप्यो छे. क्रीडाना साथी बन्या छे देवी-देवो. रमतां रमतां वळी भूख लागे एटले मा पासे जई राड पाडी, हसी हसीने सुखडी (क-११) मागे छे. एटले मा कहे छे के रमत मूकीने आवो (क. १४) तो बधुं मळे. अने पछी मा केवा केवा 'भाग' आपे छे तेनुं वर्णन क. १२-१९मां विशद थयुं छे.

क. २०-२१मां माता पुत्र-प्रभुने हैये (गोदमां) लई समजावे छे के रमी-भमी बहु थाक्या, हवे आवो तो न्हवरावी दउं. अने २२-२६मां अंघोळ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्नाननुं वर्णन आवे छे. पछी वात थई छे भोजननी. क. ३० थी ४७मां भोज्य पदार्थोनुं अन्नकूटोत्सव-समुं वर्णन छे; क. ३८मां हाथ मों धोई भोजन पूरुं थयानुं सूचन छे; तो क. ४९-५०मां मुखवास-विधिनुं वर्णन छे. आ पछी प्रभुने माता सुवडावी दे छे, तो ते शय्यानुं-शयनस्थाननुं वर्णन क. ५१-५२ मां सरस थयुं छे.

वैष्णव सम्प्रदायमां ठाकोरजीना मनोरथोनुं थाय तेवुं ज लगभग आ वर्णन छे, जे भक्त हृदयने अनेरा भक्ति-उल्लास जगाडी जाय तेवुं छे. आ वर्णनमां आवतां भोज्य पदार्थोनां नामोनो परिचय कोई रसिकजन विगते करावे तो अपेक्षित छे.

रमत ते 'रामति', 'मरकडलो' ते अत्यारे 'मरकलडा' तरीके जाणीतो शब्द छे, जेनो सम्बन्ध मन्द मन्द स्मित थाय छे; 'खलह' ते 'खलेलां-लीली खारेक; 'पुंख' ते पोंक; 'मोगरेल' ते मोगरानुं तेल; 'चांपेल' ते चंपानुं तेल (धूपेल-फुलेल जेवा प्रयोग); 'डोइले' एटले 'डोया वडे; 'इंडी पिंडी' ते पोंखणां वाचक; 'ताकची' ते वळी कोई मराठी शब्द; 'ठोठडी' ते घउंना ठोठां-पोंक; 'मगा'थी मग समजाय; 'ढुढण' नथी उकलतुं; 'प्रीसु'-पीरसुं; 'शदाफल' एटले सीताफल ?; 'करमख' ते हमणां 'कमरख' नामे जाणीतां; थोडाक शब्दो विषे आटली खणखोद.

★

## श्रीआदिनाथ बाललीला ॥

सरसतीमातादेवी, चरणकमल शेवि, बालकृ(क्री)डा गांउं आदिनाथनी ॥१॥
जेहने मरुदेवी मात, ये(जे)हने नाभिरायां तात, इंद्र चंद्र सेवें पाय प्रथमनाथ ॥२॥
अंगतणी शोभा बहु, त्रण्य ज्ञांने सुझें सहु, इंद्रथी अधिको रूप पार न लहुं ॥३॥
माथें रे मुगट सोहें, सोवनकुंडल दोइं, ललकती लाल चोटि नव घरुं सोहें ॥४॥
बाजुबंध बेंरखा बांहि, शोवन कडलि त्यांहों, मुद्रा कांनें वेढ वींटि आंगुलिमांहें ॥५॥
केंडें ते कन्दोरो सार, पाए झांझर झम्मकार, घुघर घुंमावों वछ न लहुं पार ॥६॥
कोटें नवसर हार, तेज नवि लाभें पार, रायमलबहुमल अंगें सेंणगार ॥७॥
पछेडो पीतांबर केरो, कभायनो झगोकणो(?) पंचवरणी वेणी पुत्र पेरोंने चरणो ॥८॥
पाए ते खरी मोजडी, हाथमां गेडी नें दडी, देवतास्युं देव रमें रांमति सडी ॥९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चकरडी भमरडी पीलि, भमरडा चकरडी नीली,
कालि वंशी वेंण वाजें धनुंषधोलि ॥१०॥
बोलंतो बालुडो बोलें, माडी साथें मांडें रडि,
मरकडलो देइ मागें सुखडी बहुल ॥११॥
सरीफल सेंघोडां छोलि, खलह खजुर भेलि, अखोड बदांम वछ दाडिमकलि ॥१२॥
खार्यक टोपरां-बहुं, चारोलि चारवि सहु, साकरलिगां खरमां पुत्रनें कहुं ॥१३॥
द्राख बें नीलि सुकी, खशखशमां खांड मुंकी,
आवो रे अलवेशर वीरा रांमति मुंकी ।।१४॥
काकरीयां तलशांकलि, गोलनी पापडी गलि,
कुलेर तिलवट आलुं गुंदस्यु तलि ॥१५॥
मेंठां आंबारस घोलि, खांड केलां घृत भेलि,
रांयण फणस वत्स आपुं नि कोलि ॥१६॥
धांणी चेंणा लिओ जिलुंआ, दुधें पच्या आलुं पुआ,
पुंख नें शेलडीशांठा लिओ जिजुआ ॥१७॥
कमलकाकडी कुलि, चोला नें मगानि फलि,
आंबांनि कातलि पस्तां आलुं जी छोलि ॥१८॥
सुखडी रांयण सुकी, दुधमां शाकर झोकी,
पंचामृत आदें शवि सुखडी मुंकी ॥१९॥
भणें मरुदेवी मात, आवो वत्स कहुं वात, हसीने हइयामां लि प्रथमनाथ ॥२०॥
हसी रमी भमी थाका, अंघोल करोनें आता, उवारणां लिइं मरुदेविअ माता ॥२१॥
चुआरस भरी कचोलि, मोगरेल चांपेल भेलि,
केशरकपुर रोलि, देइ माय अंघोलि ॥२२॥
जलवट सोनातणी, बेंठा छें त्रीभोंवनधणी,
कस्तुरी जबा ति बांधी उगट घणी ॥२३॥
त्रांबाकुंडी जल भरी, नीरमल नीरगलि, हेंम डोइलें नवरावें उलट घणें ॥२४॥
उवारणां इंडीपिंडी, भामणां लिइं मावडी, इशवन्न लुंण करें तेवतेवडी ॥२५॥
गंगोदक देवें दीधां, चरणोदक शवि लिधां, वस्त्र पेंरावि सवि कारज्य शीद्धां ॥२६॥
सुरयकोडिथी बहु, रूपें मोह्यां देव शहु, अंगनी स्योभा एकें जीभें स्युं कहुं ॥२७॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विध्यें आवि बेंसो बाल, शोवनमें मांडी थाल,

भणें मरुदेवी वछ छांडो नें आल ॥२८॥

इंद्र आदि देव बहु, जेहनां गुण गायें सहु, रुचें ते भाइ कहो भोयन करुं ॥२९॥

खाजा बोजां स्वारी पुरी, घुघर फणस भेलि[करी],

वरसोलां घेवरमांहिं साकर चुरी ॥३०॥

ज्यलेबी हे(द?)शमी शार, ताकची मांडी कंशार,

दुधपाक कोलापाक कर्यो अ विचार ॥३१॥

दहेंथरां फाफडा भेलि, सेवमां सुहालि मलि,

फेंणीमांहि मरकी मलि खांडस्युं रलि ॥३२॥

घारी दलिया नें घुकरीया, मोतीया लाडुआ कसमसिया,

चुरमा नें मगर(मग)ना लाडु परीसु सेवइया ॥३३॥

मांडा पुडा वडां पोलि, वेढमी बे चांपि तलि,

खिर खांड घीयस्युं ठोठडी गलि ॥३४॥

पकवांन आदें गहुअतणां, लापशीमां घीय घणां,

दुध ने खांड मेंथीसुं (में घीसुं) भाणुंअ भरी ॥३५॥

कमोदि शालिनो कुर, स्यंघत साठी पडी चुर,

देवतास्यु इंद्र आदें पुरवे सुर ॥३६॥

तुवर्य मगानि दालि, मसुर चोलानि दालि,

घीअ घणुं बांधोनें पुतर पालि ॥३७॥

खीचडो खीचरी रोटि, ढुढण कोदरा बरटी,

सुंदरणुं कणीआलुं ढोकलि मेंठी ॥३८॥

पापड पापडी वडी, राइतुं मरीनुं करी,

कचुंबर आदि पट कोठनी वडी ॥३९॥

चीभडां काचां नें पाकां, त्रुंशडी डांगर नीकां,

खडबुजां वनोलां सीलां मरीतां पाकां ॥४०॥

टेडुरां फुट चिभडां, आलुआं ने टेंडशरां,

वग्घारीने वाश देस्युं प्रीसुजी घणां ॥४१॥

नीलुआ चणा रे मणा, नीला वलि नथि मणा,

चुलानी वालोलि काचां केलां ते घणां ॥४२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कारेलां कंकोडां भेलि, रायडोडी डोडी छोलि,
कोलानी काचरि वलि काकडी कुंलि ॥४३॥
काकडी र करमदां, सुंठि खाखटी नें कोठेवडां,
काचरी तेलस्युं तलि विवेंकें करी ॥४४॥
शांगरी कडानि फलि, लांबलियां तलि कातलि,
सुकवण्य शवेमां आंबलि भलि ॥४५॥
नार्यंगां करणां जंबिरां, लेंबू शदाफल बिजोरां,
करमख राइ आंबलां कीधां छि खरां ॥४६॥
करंबो कपुरें वास्यो, सथरो दहेंमां प्रीस्यो,
घोलुआमां जिरालुंण मुंकीय प्रीसुं ॥४७॥
शोना केरी झारि भरी, नीरमल नीर गलि,
चलु देवरावें माडी आंणंद भरी ॥४८॥
पुप्फ फल तणी बीडी, काथा रंगस्युअ भीडी,
मुखशोझ करो भणें मावडी ॥४९॥
लवेंग एलचि सार, जावंतरी नें जायफल,
तज तमाल मांहिं बराश सार ॥५०॥
ढोलिओ छप्परघाट, हीरनी दोरीनो खाट,
शोनानी शांकलें बांधि जडीत खाट ॥५१॥
शखर तलाइ खाट, ओशीसानी नवि भाति,
गाल मसुरीए तमे पोढो जी नाथ ॥५२॥
पोढी करी उठ्या राय, चोराशी लख्ख पुरव आय,
पांचसें धनुष काय त्रिलोक्य राय ॥५३॥
अजोध्या नगरीनो धणी, नरनारी बेहुं भणी,
चीरंजिवो तमो आदिनाथ धणी ॥५४॥

इतीश्री आदिनाथनी बाललीला समाप्तं ॥ सुखडी लखी छें ॥

पत्र २/२ मां छेवटे=संवत् १८४१ वर्षे पोस वदि १३ दिने लिषीतं मेंसांणानगरे ॥

श्री पार्श्वनाथप्रसादात् ॥

★★★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org